ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૩૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# પ્રદુષણ અને અવાજ મુકત વાતાવરણ



## બેંગ્લોરના આઈઆઈટીથી એનર્જી એન્જીનિયરીંગ કરેલ સુશિલ રેડ્ડી હાલ એનર્જી પ્રોજેકટ પર કામ કરી રહ્યા છે જે અંતર્ગત બેંગ્લોરથી તેઓ ઈલેકટ્રીક રેપ્રોફીટેડ ઓટો રીક્ષામાં ભારત યાત્રાએ નીકળ્યા

**શહેરમાં પણ સેવ ઈલેકટ્રીક વ્હીકલ પ્રાઈવેટ લિમીટેડ કંપની દ્વારા ઈ-રીક્ષા બનાવાય છે જે મેક્સિમમ ૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલે છે. ગાંધીનગરની ટોપસન એનર્જી લી. કંપનીની રીક્ષા ઉપર સોલર પેનલ લગાવવામાં આવી છે જે રીક્ષાની સ્પીડમાં વધારો કરે છે. કંપનીનો મુખ્ય ઉદ્દેશ પ્રદુષણ અને અવાજ મુકત વાતાવરણ રહે તે છે. ઉલ્લેખનીય છે કે કંપનીની પેસેન્જર રીક્ષા અમદાવાદમાં બીઆરટીએસ પ્રોજેકટ સાથે શરુ થવાની છે.**




ગાંધીનગર, તા.૧૧

દરેક ક્ષેત્રે યુવાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છે. આજે કોઈ પણ ક્ષેત્રમાં ડિગ્રી મેળવી નોકરી કરતા કરતા તેમનો કંઈક અલગ કરી દેખાડવાનો વિચાર એકવાર જરુરથી આવે જ છે. તેવું જ કાંઈક બેંગ્લોરના સુશિલ રેડ્ડીનું છે. તેમણે આઈઆઈટીથી એનર્જી એન્જીનિયરીંગ કર્યુ છે અને હાલ એનર્જી પ્રોજેકટ પર કામ કરી રહ્યા છે જે અંતર્ગત બેંગ્લોરથી તેઓ ઈલેકટ્રીક રેપ્રોફીટેડ ઓટો રીક્ષામાં ભારત યાત્રાએ નીકળ્યા છે અને આપણા શહેરની મુલાકાતે આવ્યા હતા.

મૂળ બેંગ્લોરના સુશિલ રેડ્ડીએ આઈ.આઈ.ટીથી એનર્જી એન્જીનિયરીંગ કર્યુ પછી કોઈ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરી પણ તેમને સંતોષ ન હતો. કાંઈક હટકે કરવાની ઈચ્છા સાથે નોકરી મુકી તેઓ તેમના વિષય અનુરૂપ ફ્રીલાન્સ કામ કરી રહ્યા છે. તેઓએ ૩ વર્ષ પહેલા સોલર પાવર ઈલેકટ્રીક બાયસિકલ પર ૭૫૦૦૦ કિમી અંતર ૭૯ દિવસમાં કાપી ગીનીસ અને લિમ્કા વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો છે. આજ રીતે હાલ તેઓ સોલર રીક્ષા પ્રોજેકટ પર કામ કરી રહ્યા છે અને તે લઈને ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ પ્રદુષણ અને અવાજ મુકત વાતાવરણ બને તે છે અને તેઓએ જૂની રીક્ષામાંથી ઈલેકટ્રીક રીક્ષા બનાવી છે જેથી નવા સાધનોનો ઉમેરો ન થાય અને જુના વાહનોના ડમ્પીંગમાં તકલીફ ન પડે.

ઈ-રીક્ષા ૧૨૦ કિલોમીટર પ્રતિ ચાર્જ ઝડપ આપે છે. બેટરી ચાર કલાક ચાર્જ કરવી પડે છે સાથે સાથે સોલર પેનલ લગાવેલી છે જેથી ઈલેકટ્રીસીટી સાથે સોલર એનર્જી મળતા રીક્ષા વધુ ઝડપથી અને વધુ કિલોમીટર સુધી ચાલી શકે. તેમને આ પ્રોજેકટમાં વોલ્ટા ઓટોમેટીવ નામની કંપનીએ મદદ કરી છે. તેમના સાથે કંપનીના રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ઈલેકટ્રીક એન્જિનીયર સુધિર લડેલા પણ છે. આ ઉપરાંત સાથે સપોર્ટ માટે એક કાર તેમની સાથે જ રહે છે આમ ચાર સાથીદારો ૨૫ મેના દિવસો બેંગ્લોરથી ૬૦૦૦ કિમી અંદર ૬૦ દિવસમાં કપાય તે ઉદ્દેશ્યથી નીકળ્યા છે જેથી તેઓ દરેક શહેરમાં આ ટેકનોલોજીથી બધાને માહિતગાર કરી શકે. તેઓ બંગ્લોરના ગામડાઓથી લઈ ઉબલી, પુણે, લોનાવાલા, મુંબઈ, વાપી, સુરત, બરોડા, સાણંદ, અમદાવાદ અને પછી ગાંધીનગર આવ્યા હતા. તેઓ દરેક શહેરમાં એક કેમ્પેઈન કરી જનતાને આ સોલર એનર્જી વિશે માહિતગાર કરે છે તેઓને જનતા તરફથી પણ પૂરો સહકાર મળી રહે છે તેઓ દ્વારા દરેકને રીક્ષાની ટેસ્ટ ડ્રાઈવ પણ કરવા દેવાય છે. રસ્તા પર આ રીક્ષા જોતા રાહદારીઓ તેમને ઉભા રાખી પ્રશ્નો પુછી રહ્યા છે અને ટેસ્ટ ડ્રાઈવ માટે સામેથી વિનંતી પણ કરી રહ્યા છે.

# બીએસએફ ખાતે દિવ્યાંગ રાષ્ટ્રીય પેરા સ્પોર્ટસ ટેલેન્ટ હન્ટનો પ્રારંભ

## આ સાથે નેશનલ કોચીંગ કેમ્પ-૨૦૧૯નો પણ આરંભ કરાયો






ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતેના બીએસએફ કેમ્પસમાં ગઈ કાલે સાંજે ચોથા દિવ્યાંગ રાષ્ટ્રીય પેરા સ્પોર્ટસ ટેલેન્ટ હન્ટ અને રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિર ૨૦૧૯નો શુભારંભ કરવામાં આવ્યો છે. તા. ૧૦મી જૂનથી તા. ૧૪મી જૂન સુધી ચાલનારી આ શિબિરનો પ્રારંભ ગુજરાત રાજયના યુવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.

બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા આદિત્ય મહેતા ફાઉન્ડેશનના સહયોગથી ચોથા દિવ્યાંગ રાષ્ટ્રીય પેરા સ્પોર્ટસ ટેલેન્ટ હટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે નેશનલ કોચીંગ કેમ્પ ૨૦૧૯ પણ યોજાઈ રહ્યો છે તેથી દેશભરના ૩૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. ઉદઘાટન કાર્યક્રમમાં રમતગમત મંત્રી ઉપરાંત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી ડી.ડી. કાપડિયા તથા બીએસએફ ગુજરાતના ઈન્સ્પેકટર જનરલ જી.એસ. મલિક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બીએસએફના બેન્ડ દ્વારા સેલ્યુટ તથા બીએસએફ જવાનોના પરિવારના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો તેમજ ખેલદિલીપૂર્વક પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા.

# શહેરની સરકારી શાળાઓમાં પણ પ્રથમ સત્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

આજનું શિક્ષણ આધુનિક બન્યું છે. શહેરમાં પ્રાઈવેટ શાળાની સંખ્યા વધતી જાય છે ત્યારે શહેરની સરકારી શાળામાં બાળકોનો ભણવાનો મહિમા અકબંધ છે. શહેરની ગ્રાન્ટેડ શાળાઓની સાથે સરકારી શાળાઓનું પણ સત્ર શરુ થઈ ગયું છે બાળકો ઉત્સાહભેર શાળાએ જતા જોવા મળ્યા હતા.

શહેરની દરેક ગ્રાન્ટેડ શાળાઓનું સત્ર શરૂ થઈ ગયું છે. સાથે સાથે સરકારી શાળા પણ શરુ થઈ ગઈ છે. ધો-૧ થી ૮ના બાળકો શાળાએ જવા સજ્જ છે. ધો-૧ના બાળકોની એડમિશન પ્રક્રિયા હજી ચાલુ છે જે શાળાના પ્રવેશોત્સવ



સુધી ચાલુ જ રહેશે. સરકારી શાળાના શિક્ષકોના જણાવ્યા અનુસાર પ્રવેશોત્સવ સુધી તેઓ ધો-૧માં પ્રવેશ પ્રક્રિયા ચાલુ જ રાખશે બાકીના ધોરણો ૨ થી ૮મા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. દરેક શાળાઓમાં લગભગ ત્રીસેક જેટલા ધો-૧ના એડમિશન થઈ ગયા છે અને હજુ શાળા પ્રવેશોત્સવ સુધી નવા એડમિશન થશે. બાળકો ઉત્સાહભેર શાળાએ આવી રહ્યા છે. દરેક સેકટરની શાળાઓમાં બાળકોની સંખ્યા લગભગ દોઢસોથી બસ્સો જેટલી છે. જેમાં કુમાર અને કુમારીની સંખ્યામાં ખુબ ઓછો તફાવત છે. આ ઉપરાંત સેકટરોની સરકારી શાળાઓ કરતા બોરીજ, પાલજ અને બાસણની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની સંખ્યા વધુ જણાય છે.

# સે-૩૦માં ટાટા સફારીમાંથી વિદેશી દારૂ મળી આવ્યો

## એલસીબી પોલીસે દારૂ અને ગાડી મળી કુલ ૪.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સંત નિરંકારી સત્સંગ હોલની પાછળની બાજુએ એલસીબી પોલીસે રેઈડ કરી ટાટા સફારી ગાડીમાંથી ૧૪૨ બોટલ દારુનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસની રેઈડને પગલે સે-૧૭ નો બુટલેગર ગાડી મુકી ભાગી છુટયો હતો. એલસીબીએ પોલીસે રૂ.૧.૨૨ લાખની કિંમતના દારુ અને ગાડી મળીને કુલ રૂ.૪.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડ ટીમ સાથે નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા કોન્સ્ટેબલ સજ્જાદ અલીને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૩૦ સંત નિરંકારી સત્સંગ હોલની પાછળ બુટલેગર દ્વારા દારૂનું વેચાણ થઈ રહ્યું છે. જેને પગલે સ્થળ પર પોલીસે રેઈડ કરતા બુટલેગર અંધારાનો લાભ લઈ ગાડી મુકીને ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે સફારી ગાડી નં. જી.જે.૧૮.એ.એચ.-૩૪૫૮ ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૪૨ નંગ બોટલ મળી આવી હતી. જેને પગલે પોલીસે ૧,૨૨,૫૦૦ ની કિંમતના દારુનો જથ્થો અને ૩ લાખની ગાડી મળુ કુલ રૂ.૪,૨૨,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી નાસી છુટેલા બુટેલગર કિશન ગોંવિદભાઈ ગોરખા (રહે. ૯૦-૧ જ-ટાઈપ સે-૧૭ )સામે સે - ૨૧ પોલીસ મથકે પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો દાખલ કરાવી વોન્ટેડ બુટલેગરને પકડી પાડવા માટે તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર પાસેના પીંડારડા ગામના પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા શ્રી શકિત ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત વિવિધ શાળાઓના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને નવા સત્રના પ્રારંભે વિના મૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ચોપડા વિતરણ કાર્ય છેલ્લા ૧૫ વર્ષથી કરવામાં આવી રહ્યું છે. જેમાં અંદાજે ૫ હજાર બાળકોને આવરી લેવામાં આવે છે. હાલ પેથાપુર રહેતા પ્રદ્યુમનસિંહ વાઘેલા દ્વારા આ વર્ષે આરંભાયેલું ચોપડા વિતરણ સદકાર્ય ચાલુ છે જેનો જરૂરિયાતમંદ વર્ગના બાળકો લાભ લઈ રહ્યા છે.

# ચિલોડા એલાઈટ કોમ્પ્લેક્ષમાં વીજકરંટથી ચોકીદારનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા દહેગામ માર્ગ પર આવેલા પ્રમુખ એલાઈટ કોમ્પ્લેક્ષ ખાતે ફરજ બજાવતા ચોકીદાર ગત રાત્રીના સમયે પાણી પીવા ગયા હતા. તે સમયે અચાનક લોખંડની જાળીમાંથી વિજપ્રવાહ પસાર થતા અચાનક ચોકીદાર વૃધ્ધને કરંટ લાગ્યો હતો. પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ પ્રમુખ એલાઈટ કોમ્પ્લેક્ષમાં ચોકીદાર તરીકે વીરચંદભાઈ બબાભાઈ રાવળ (ઉં.વ.૫૫ રહે. ઈન્દીરાનગર ચિલોડા) વર્ષોથી ફરજ બજાવે છે. ગત રોજ રાત્રીના સમયે વિરચંદભાઈ અને અન્ય સાથી મિત્ર ફરજ બજાવી રહ્યા હતા. તે સમયે અચાનક રાત્રીના સમયે લાઈટ જતા વીરચંદભાઈ પાણી પીવા માટે ગયા હતા. તે સમયે પાણીના કનેકશન પાસે રહેલી લોખંડની જાળીમાં અચાનક વિજપ્રવાહ શરુ થયો હતો. વીરચંદભાઈને કરંટ લાગતા તેઓ નીચે પટકાયા હતા. આ સમયે બાજુમાં રહેલા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને તેઓને નજીક આવેલી કૃષ્ણા હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.પરંતુ ત્યાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબિબે તેઓને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વાવોલની એસબીઆઈ શાખા ગ્રાહક સેવામાં ઉણી ઉતરી

## વાવોલની એસબીઆઈ શાખામાં રીશેષના સમયે દરવાજા બંધ રખાતા ગ્રાહકોને તાપમાં શેકાવું પડયું...!!! : ગત સપ્તાહે પ્રિન્ટર બંધ હોવાને લીધે ગ્રાહકોને પરેશાની ભોગવવી પડી હતી : બેમાંથી એક સ્વાઈપ મશીન કામ કરતું નથી : શાખા શરૂ થઈ ત્યારથી સર્વિસ બાબતે ધાંધિયાની ગ્રાહકોની બુમ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર પાસેના વાવોલ ખાતે 'ક' રોડ પરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં આજે બપોરે 'રીશેષ'નો સમય હોવાનું જણાવી બેંકના શટર બંધ કરી દેવાતા બેંકીંગ કાર્ય માટે આવેલા ગ્રાહકોને ભર બપોરે ધોમધખતા તાપમાં શેકાવાનો વારો આવ્યો હોવાની રાવ કેટલાક ગ્રાહકોએ ઉઠાવી છે. આ સમયે પોતાના કામકાજ માટે આવેલ ગ્રાહકે જણાવ્યું હતું કે ગ્રાહકોએ બેંક સિકયુરિટીને વિનંતી કરી હતી કે ભલે 'રીશેષ' રાખો પરંતુ આટલી ગરમીમાં શાખાની અંદર તો બેસવા દો પરંતુ તેણે વિનંતીને ગણકારી નહોતી ને દરવાજો ખોલ્યો નહોતો. આમ પણ આ બેંકની શાખા વાવોલમાં શરૂ થઈ ત્યારથી છાશવારે ગ્રાહકો અને કર્મચારીઓ વચ્ચે બેંકિંગ સર્વિસ અંગે બોલાચાલીના બનાવો બનતા આવ્યા છે કયારેક પ્રિન્ટર બંધ હોવાની તો કયારેક સ્વાઈપ મશીન બાબતે પણ ગ્રાહકો સાથે તકરારના કિસ્સા સાંભળવા મળ્યા છે.

વાવોલમાં શાંતિવન સોસાયટીના કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં આશરે બે ત્રણ વર્ષથી શરૂ થયેલી એસબીઆઈની બ્રાંચના કારણે આ વિસ્તારની નવ વિકસીત સોસાયટીઓના રહીશોમાં શરૂઆતમાં આનંદની લાગણી પ્રવર્તી હતી પરંતુ આ શાખામાં ગ્રાહકોને સર્વિસ બાબતે વારંવાર રકઝકના કિસ્સા સર્જાવાપામ્યા છે. હજુ ગત સપ્તાહે બેંકનું પ્રિન્ટર સમગ્ર સપ્તાહ બંધ રહેતા ગ્રાહકોને પરેશાની ભોગવવી પડી હતી. જે ગ્રાહકોએ બેંકમાં ફિકસ ડિપોઝીટ કરાવી હતી તેમને રસીદ સર્ટીફીકેટ લેવા માટે વારંવાર ધક્કા ખાવા પડયા હતા. આ બાબતે ગ્રાહકોની ફરિયાદ સામે બેંક કર્મચારી દ્વારા 'અમે હેડ ઓફિસમાં ફરિયાદ નોંધાવી છે પ્રિન્ટર રીપેરીંગ કરવા મિકેનીક આવી જશે' તેવા રૂટિન જવાબ આપ્યા હતા પરંતુ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવાં આવી નહોતી. આજે બપોરે બેંકની શાખા દ્વારા 'રીશેષ' ગણાવી બેંકના દરાજા બંધ કરી દેવાતા ગ્રાહકોને તાપમાં ધોખવું પડયું હતું. પરંતુ




માનવતાના ધોરણે પણ ગ્રાહકોને બેંકની શાખામાં બેસવા દેવામાં આવ્યા નહોતા. તાજેતરમાં એક બેંક લુંટારુ ટોળકીએ બેંક લુંટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો તે ઘટનાને સંદર્ભને આગળ ધરી બેંકની શાખામાં ગ્રાહકોને રીશેષ દરમિયાન પ્રવેશવા દેવામાં આવતા નથી પરંતુ હવે બેંકમાં હથિયાર ધારી સિકયુરિટી કર્મચારી ખડે પગે હાજર હોવા છતાં ગ્રાહકો સાથે આ વ્યવહાર વ્યાજબી નથી તેવું કેટલાક ગ્રાહકોનું કહેવું હતું.

વાવોલની એસબીઆઈ શાખામાં સ્વાઈપ મશીન બાબતે પણ અવારનવાર ગ્રાહકો સાથે તકરાર જોવા મળી છે. આ શાખાને 'ડિજીટલ ઈન્ડિયા' અંતર્ગત સંપૂર્ણ ડિજીટલ બ્રાન્ચ જાહેર કરાઈ હોવાથી ખાતેદારે તેના ખાતામાં રોકડા નાણાં ભરવા માટે ફરજિયાત એટીએમ કાર્ડ દ્વારા સ્વાઈપ મશીનનો ઉપયોગ કરી જમા સ્લીપ કાઢવી પડે છે જો કે જયારે બેકમાં સ્વાઈપ મશીન બગડયુ હોય ત્યારે ગ્રાહકોને મેન્યુઅલ જમા સ્લીપ ભરવા જણાવવામાં આવે છે પરંતુ જયારે કોઈ ગ્રાહક તેનું એટીએમ કાર્ડ સાથે લાવ્યા ના હોય અથવા જોઈન્ટ ખાતેદારમાંથી જે ખાતેદાર પાસે એટીએમ કાર્ડ ના રહેતું હોય તેવા ખાતેદાર રોકડા નાણાં ભરવા આવે ત્યારે મેન્યુઅલ જમા સ્લીપ ભરવા ચાહે તો તે રીતે નાણાં સ્વીકારવામાં આવતા નથી ત્યારે ગ્રાહકોને સવાલ થાય છે કે બેંકનું મશીન બગડે તો જમા સ્લીપ સ્વીકારાય છે તો ગ્રાહકને તકલીફ હોય ત્યારે કેમ જમા સ્લીપ સ્વીકારવામાં આવતી નથી? આમ પણ બેંકમાં બેમાંથી એક સ્વાઈપ મશીન તો લાંબા સમયથી બંધ હાલતમાં છે જેના લીધે એક જ સ્વાઈપ મશીન પર લોડ વધુ રહેવાથી ગ્રાહકોના સમયનો ઘણો વેડફાટ થાય છે તે બેંક સંચાલકો દ્વારા ધ્યાનમાં લેવાતું નથી તેવું ગ્રાહકોનું કહેવું છે.